
## જન્મદિને વધામણી



**વિહાન વિશ્વનાથ પંડ્યા**
(૧૨-૧૦-૨૦૧૪) મો. ૯૦૧૬૬ ૧૩૫૬૯



**જાનવી દિનેશકુમાર પ્રજાપતિ**
(૧૨-૧૦-૨૦૦૫) મો. ૯૮૨૪૪ ૬૬૧૨૪



**જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય**
મહામંત્રી, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, (૧૨-૧૦-૧૯૬૧)



**નારણભાઈ એ આહિર**
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા (૧૨-૧૦-૧૯૬૦)

### કડી સર્વ વિશ્વવિદ્યાલયના

# યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૫ રંગેચંગે સંપન્ન'



ગાંધીનગરની પ્રથમ યુનિવર્સિટી 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'નો યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૫' રંગેચંગે સંપન્ન થયો. ૨૦૦૭થી સ્થપાયેલી આ યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ વખત જ યુવક મહોત્સવ ગાંધીનગર શહેરને બદલે કડી શહેરમાં આયોજિત કરવામાં આવ્યો હતો, જ્યાં યુનિવર્સિટીની માતૃસંસ્થાનું બીજ રોપાયું હતું. ૩૩ કૉલેજના ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ડાન્સ, થિયેટર, સાહિત્ય, સંગીત અને ફાઈન આર્ટ્સની ૨૩ જેટલી સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રસ્તુત તસવીરો યુવક મહોત્સવના દ્વિતિય દિવસની છે. પ્રથમ તસવીરમાં સંસ્થાના ચૅરમૅન વલ્લભભાઈ પટેલના હસ્તે તથા દ્વિતિય તસવીરમાં ઈનામ વિતરણ સમારોહના અતિથિ પૂર્વ વૈજ્ઞાનિક અને ગુજરાત મલ્ટી ગૅસ બેઝ કૅમિકલ્સ પ્રા. લિ.ના ચૅરમૅન ડૉ. દશરથભાઈ પટેલના હસ્તે ઈનામ સ્વીકારતા યુવા સ્પર્ધકો દ્દશ્યમાન થાય છે. એ પછીની ત્રણ તસવીરો ક્લાસિકલ ડાન્સ સ્પર્ધાની છે, જે દરમ્યાન આવાં સુંદર દશ્યો સ્પર્ધકોએ સર્જ્યાં હતાં. યુવક મહોત્સવના માધ્યમથી યુનિવર્સિટી અને સંસ્થાએ યુવા સર્જનાત્મકતાનો સંદેશ તો આપ્યો જ હતો પરંતુ આ મહોત્સવના આયોજનથી સુમેળ, ભ્રાતૃભાવ અને સુંદર સંચાલનનો સંદેશ પણ સમાજને આપ્યો હતો. ઉદ્ઘાટન સમારોહમાં નગરના પ્રતિષ્ઠિત વ્યક્તિઓને આમંત્રણ, મીડિયાના સંયોજનથી લોકો સુધી યુવક મહોત્સવની વિગતો, તસવીરો પહોંચે તેવા સફળ પ્રયાસો અને લોકલ કૅબલ નેટવર્કના માધ્યમથી મહોત્સવની વિડીયો પણ કડી શહેરમાં ઘર-ઘર સુધી પહોંચે તેવી સુંદર વ્યવસ્થા. માત્ર અભ્યાસ જ નહીં, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, સમાજની સામેલગીરી અને સુંદર મૅનેજમૅન્ટની પણ શીખ અહીં વિદ્યાર્થીઓ મેળવી રહ્યા છે.



ગાંધીનગર શહેરમાં દર્દી સહાય અને વિવિધ પ્રકારનાં સેવાકાર્ય કરતી સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા વર્ષ દરમ્યાન બિનવારસી મૃતદેહોની અંતિમક્રિયાની કામગીરી કરવામાં આવે છે. અને આવા મૃતાત્માઓની શાંતિ અર્થે શ્રાદ્ધકાર્ય પણ પ્રતિવર્ષ કરવામાં આવે છે. આ શ્રાદ્ધકાર્યમાં પણ સંસ્થાની સેવાભાવના છલકે એવો સુંદર પ્રયાસ કરવામાં આવે છે. બિનવારસી મૃતાત્માઓ માટેના શ્રાદ્ધકાર્ય પ્રસંગે જમણની વ્યવસ્થા કરવામાં આવે છે, પરંતુ આ જમણ જરૂરિયાતમંદ વ્યક્તિઓને કરાવવામાં આવે છે. નગરમાં સેવાકાર્ય કરતી અન્ય સંસ્થાઓમાં અભ્યાસ કરતા, સચવાતાં શારીરિક-માસનિક વિશિષ્ટ બાળકોને આ શ્રાદ્ધપર્વ પ્રસંગે ભરપેટ ભોજન કરાવવામાં આવે છે. મૃત આત્મા વારસી હોય કે બિનવારસી - એના માટે આનાથી વધુ યોગ્ય શ્રાદ્ધકર્મ શું હોઈ શકે ? **(તસવીર : કશ્યપ નિમાવત)**

# જિલ્લાકક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન ૧૪મીથી ઉમા સંસ્કાર તીર્થ કન્યા વિદ્યાલય, ચંદ્રાલા ખાતે

## ૧૪થી ૧૬ દરમ્યાન પ્રદર્શન ઉપરાંત વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો પણ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ગાંધીનગર અને ઉમા સંસ્કાર તીર્થ, ચંદ્રાલાના સંયુક્ત ઉપક્રમે આયોજિત માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક શાળાઓ માટે જિલ્લાકક્ષાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન તા. ૧૪થી ૧૬ ઑક્ટોબર દરમ્યાન ચંદ્રાલા ખાતે કરવામાં આવ્યું છે.

જિલ્લા શિક્ષણાધિકારી ઍસ ઍમ બારડ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ. ટી ઍસ જોષી અને વિજ્ઞાન ગણિત પ્રદર્શનના કન્વીનર એ ઍસ ઉપાધ્યાયે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે ઉમા સંસ્કાર તીર્થ કન્યા વિદ્યાલય, ચંદ્રાલા ખાતે આ વિજ્ઞાન ગણિત પ્રદર્શન યોજવામાં આવ્યું છે. તા. ૧૪ ઑક્ટોબરના રોજ બપોરે બેથી પાંચ કલાક દરમ્યાન રજિસ્ટ્રેશન અને કૃતિઓની ગોઠવણી કરાશે. તા. ૧૫ ઑક્ટોબરના રોજ સવારે ૮ કલાકે વિજ્ઞાન ગણિત પ્રદર્શનનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે અને ત્યારબાદ પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવશે. આ દિવસે સાંજે પાંચ કલાક સુધી અને ત્યાર પછીના દિવસે એટલે કે તા. ૧૬ ઑક્ટોબરે સવારે ૮.૩૦થી ૨.૦૦ કલાક સુધી વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો યોજવામાં આવશે.

વિજ્ઞાન, ગણિત અને વિદ્યાર્થી પ્રવૃત્તિમાં રસ ધરાવતા સૌ કોઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાના હેતુસર આ પ્રદર્શનનો લાભ લેવા આયોજકો તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મહર્ષિ તેજાનંદ સ્વામીને પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૧

મહર્ષિ તેજાનંદ સ્વામીજીની ૧૫૫મી પુણ્યતિથિ નિમિત્તે ભારતીય ગુરુ બ્રાહ્મણ વિકાસ પરિષદ દ્વારા તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ગાંધીનગર અંતિમધામ ખાતે મૂકવામાં આવેલી સ્વામીજીની તસવીર સમક્ષ સંસ્થાના મહામંત્રી રિન્કુભાઈ શ્રીમાળી, ખજાનચી સુખાનંદભાઈ શ્રીમાળી, રાજેન્દ્રભાઈ શ્રીમાળી, ભરતભાઈ શ્રીમાળી, ભાનુભાઈ દવે સહિત હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા સમાજના અગ્રણીઓ, સમાજભાવકોએ ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
ઉડી ધ વૉક (હિન્દી)
૯.૦૦, ૧૧.૪૫, ૫.૧૫, ૧૦.૪૫
તલવાર
૨.૩૦, ૮.૦૦
બાંકે કી ક્રેઝી બારાત
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૦
રૂદ્રમા દેવી (તેલુગુ)
૭.૦૦

**સ્ક્રીન-૩**
સિંઘ ઈઝ બ્લિંગ
૧.૦૫, ૭.૧૦
બાંકે કી ક્રેઝી બારાત
૪.૧૦

**સ્ક્રીન-૪**
જઝ્બા
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫ ૭.૧૫, ૧૦.૧૫

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
જઝ્બા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦


**સ્ક્રીન-૨**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૧૫
તલવાર
૭.૧૫

**સ્ક્રીન-૩**
ધ વૉક (હિન્દી, ૩ડી)
૧૨.૩૦, ૧૦.૧૫
ધ વૉક (અંગ્રેજી, ૩ડી)
૩.૦૦, ૭.૪૫
ધ માર્શીયન (અંગ્રેજી, ૩ડી)
૫.૧૫

**સ્ક્રીન-૪**
તલવાર
૧૦.૦૦
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૪.૦૦, ૭.૧૫
રુદ્રમા દેવી
૧.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૫**
જઝ્બા
૧૦.૦૦
તલવાર
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
સિંઘ ઈઝ બ્લિંગ
૬.૪૫

# મુખ્યમંત્રી લિખિત પુસ્તક : એ મને હંમેશાં યાદ રહેશે યાદ રહી જાય એવી ઘટનાઓનો સંવેદનશીલ ચિતાર




'...દુખ સાથે કહેવું પડે છે કે આજની શિક્ષણ પદ્ધતિમાં શિક્ષણ તો બચ્યું છે પણ સંસ્કારો લગભગ ગાયબ થઈ ગયા છે. પરિણામ આંખ સામે છે. નિરક્ષરોમાં કે અલ્પ શિક્ષિતોમાં હજી સંસ્કારનાં દર્શન થાય છે પણ ઉચ્ચ શિક્ષા લઈને બેઠેલાઓમાં સંસ્કારોનાં દર્શન દુર્લભ થતાં જાય છે.

આવા કરુણ માહોલ વચ્ચે મૂલ્યોની માવજત કરનારા શિક્ષિતોના અને શિક્ષકોના જીવંત દૃષ્ટાંતો જ્યારે જોવા મળે કે સાંભળવા મળે ત્યારે આંખો સાચે જ વિસ્મયથી પહોળી થઈ જાય અને મનમાં આશા બંધાય કે ના હજી ઘણું સારું બચ્યું છે અને સારું બચાવનારાં પણ ઘણાં બચ્યાં છે....' આ શબ્દો છે વંદનીય સંત વિભૂતિ રત્નસુંદરસૂરિજીના.

ગત સપ્તાહે ગુજરાત રાજ્યનાં પ્રથમ અને વર્તમાન મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ લિખિત પુસ્તક 'એ મને હંમેશા યાદ રહેશે'ની પ્રસ્તાવનામાં સંત વિભૂતિ દ્વારા આ શબ્દો લખાયા છે.

પુસ્તક પોતાના પિતા જેઠાભાઈ, માતા મેનાબેન અને મોટાબેન સરિતાબેનને અર્પણ કરતાં મુખ્યમંત્રીએ લખ્યું છે, 'એક નાનકડા ગામડાથી લઈ રાજ્યના સર્વોચ્ચ સ્થાન સુધી પહોંચવાની મારી યાત્રામાં મેં અનુભવેલા અનુભવો કે જેમાંથી હું કંઈક શીખી, પ્રેરણા મેળવી તેમજ મારું ઘડતર કર્યું તેને પુસ્તક સ્વરૂપે પ્રસંગોના રૂપમાં સંકલિત કરી રહી છું. મને શ્રદ્ધા છે કે આ પ્રસંગોમાંથી જીવનમાં કર્મ કરવા માટેની નવી ઊર્જા, પરિશ્રમની પ્રેરણા અને મૂલ્યોની માવજત કરવાનું બળ પ્રાપ્ત થશે. આ પ્રસંગોની પુસ્તિકા મારાં માતાપિતા અને મોટાબેનને અર્પણ કરતાં ગૌરવ અનુભવું છે. મારા પિતા સ્વ. જેઠાભાઈ અને માતા સ્વ. મેનાબેન કે જેઓએ આજથી ૭૦ વર્ષ પહેલાં દીકરીઓના ભણતરની ચિંતા ન કરી હોત તો હું શું હોત ? પૂ. ગાંધીજીની વિચારસરણીને વરેલા પિતા અને પિતાની મૂલ્યનિષ્ઠાને અક્ષરશઃ પચાવી જાણનાર તેઓના પડછાયા સમાન માતાના સંસ્કાર અને સિંચન વિના આજની મારી કલ્પના હું કરી શકતી નથી.'






પુસ્તક ૩૫ પ્રકરણોમાં વહેંચાયેલું છે અને તેની પ્રસ્તાવનામાં મુખ્યમંત્રીએ લખ્યા મુજબ 'આ બધી સત્યઘટનાઓ છે, ખાલી નામ બદલ્યાં છે. આ શબ્દો ઠાલા શબ્દો નથી, મારી લાગણીઓનો દસ્તાવેજ છે, મારા અનુભવોનું નવનીત છે.'

દરેક પ્રકરણ એ મુખ્યમંત્રી સાથે બનેલી ઘટનાનું પોતાની દૃષ્ટિએ કરવામાં આવેલું વિવરણ છે એટલે કે વાચક માટે ૩૫ અલગ-અલગ વાર્તાઓ છે, જેમને અલગ-અલગ શિર્ષક પણ આપવામાં આવ્યાં છે. પુસ્તકનું ડિઝાઈનીંગ સુંદર છે અને જગ્યાનો છૂટથી ઉપયોગ કરાયો છે. દરેક વાર્તાની શરૂઆતમાં મુખ્યમંત્રીએ પ્રસ્તાવના લખી છે અને અંતે એ વાર્તામાંથી પોતાને શું શીખ મળી, સમાજે શું શીખ લેવી જોઈએ એ લખ્યું છે. વચ્ચે વાર્તા આવી જાય છે. તેમ છતાં વાર્તાઓની લંબાઈ સહ્ય છે, બહુ લાંબી નથી એ વાત વાચકો માટે સારી છે. 'નિત્ય વાચન' માટે જેમ રોજ પાંચ મિનિટનો સમય કાઢીને એક વાર્તા વાંચી શકાય એટલી જ લંબાઈ વાર્તાઓની છે. તેમ છતાં ૩૫ વાર્તાઓ માટે પુસ્તકે ૧૫૦થી વધુ પાનાં રોક્યાં છે ! પરંતુ, મુખ્યમંત્રીનું પુસ્તક હોય એટલે એને 'એ કક્ષા'નું બનાવવા માટે આવું બધું તો હોય. પરંતુ હા, પ્રૂફ વાચન (કે ટાઈપસૅટીંગ ?) સચોટ રીતે થયું નથી અને ભાષાને સરળ બનાવવાના મોહમાં પ્રવાહી નથી બનાવી શકાઈ એ પણ આ પુસ્તકની સચ્ચાઈ છે.

શીર્ષકો માટે ડિઝાઈનીંગ કરવામાં આવ્યું છે એ સુંદર લાગે છે, પરંતુ વાર્તાની પાછળ મૂકવામાં આવેલી ભાત વાંચતી વખતે આંખને ખૂંચે છે, વયસ્કોને કે નબળી દૃષ્ટિવાળાને તો ખૂંચે જ. વળી જગ્યા તો પૂરતી છે જ, અક્ષરો થોડા મોટા થઈ શક્યા હોત તો પુસ્તકને 'સર્વ લોકભોગ્ય' બનાવી શકાયું હોત. અલબત્ત, વર્તમાન મુખ્યમંત્રીનું પુસ્તક છે એટલે વેચાણનો આંકડો તો મોટો જ રહેવાનો અને વખાણ કરનારાય અખૂટ રહેવાના.

વાર્તાઓમાં જે ઘટના છે એ બહુધા સામાન્ય માણસોની છે, સમાજમાંથી આવેલી છે અને મુખ્યમંત્રીએ પોતાના જીવન દરમ્યાન અનુભવેલી છે. એક મહિલા તરીકે, સાચા સમાજભાવક તરીકે એમણે આ ઘટનાઓને મૂલવી છે અને એમાં સંવેદના ભરેલી પડી છે એ વાત સ્વીકારવી પડે અને એ માટે મુખ્યમંત્રીને સલામ પણ છે. અને નમ્ર સૂચન માત્ર એટલું જ કે જે વર્ગની વાતો એમાં લખાઈ છે એ વર્ગ સુધી આ વાતો અને લેખકની લાગણી, સૂચનો પહોંચવાં જોઈએ તો આ પુસ્તકનો સાચો અર્થ સરશે. મુખ્યમંત્રી નહીં તો રાજ્યનો કોઈપણ સાક્ષર, સેવાભાવી વ્યક્તિ આ કાર્ય કરી શકે છે, કરવા જેવું છે.

રન્નાદે પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પુસ્તકનું મૂલ્ય ૧૦૦ રૂા. છે.

## યોગ્ય દિશાસૂચન ઘણી વાર કોઈને ખૂબ મોટી રાહત આપી જાય છે

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ લિખિત 'એ મને હંમેશા યાદ રહેશે' પુસ્તકના પાંચમા પ્રકરણ 'ઈન્સાનિયત એ જ સૌથી મોટો ધર્મ'માં 'ગાંધીનગર સમાચાર'ના નામનો ઉલ્લેખ છે એ વાત અમારા માટે આનંદ અને ગૌરવની છે. આ વાર્તા અક્ષરશઃ માણીએ.

'આપણી સમાજવ્યવસ્થા પરસ્પર કુટુંબ ભાવના ઉપર રચાયેલી છે. આ રીતે સમગ્ર સમાજ એક પરિવાર જ છે. કોઈના સુખમાં ભાગ ન પડાવીએ, પણ દુખમાં ક્યાંક મદદરૂપ થવામાં નિમિત્ત બનીએ તેનો આનંદ પણ અનેરો હોય છે.

ગુજરાત સરકાર તરફથી ગુજરાતની તમામ શાળાઓનાં બાળકોની તબીબી તપાસ થાય એ માટે આયોજન કરવામાં આવે છે અને એના પરિણામ સ્વરૂપે શાળામાં ભણતાં અનેક બાળકોને થયેલી બીમારીઓ અંગે સમયસર જાણી શકાય છે અને તેમની યોગ્ય સારવાર થાય એ માટે નિષ્ણાત ડૉક્ટરોનું માર્ગદર્શન પણ મળી શક્યું છે.

તે દિવસે હું ગાંધીનગર હતી. સવારે અખબાર વાંચતી હતી. ગાંધીનગર સમાચારમાં એક સમાચાર વિગતે વાંચ્યા. કડી કૅમ્પસમાં ચાલતી પ્રાથમિક શાળાના એ સમાચાર ચોંકાવનારા હતા. શાળાની એક ગરીબ પરિવારની દીકરીને ૪૦૦ જેટલો ડાયાબિટીસ રહે છે. અનેક ઉપાય કરવા છતાં કોઈ દવા લાગુ પડતી નથી. હવે તેનો પરિવાર વધારે સમય સુધી દવાનો ખર્ચ ઉપાડી શકે તેમ નથી. તેના રોગ વિશેની માહિતી તથા પરિવારની આર્થિક સ્થિતિ અંગેની રજૂઆત હૃદયસ્પર્શી હતી. માનવતાને આહ્‌વાન કરતા એ સમાચાર પ્રકાશિત કરવા બદલ અખબારના સંચાલકો પ્રત્યે પણ મને આદર થયો.

મેં કડી શાળામાં ફોન કર્યો. ચોથા ધોરણમાં અભ્યાસ કરતી એ દીકરી વિશે માહિતી મેળવી, સરનામું પૂછી બીજા દિવસે એ પરિવારને મારા ઘેર બોલાવ્યો. દીકરીના આરોગ્યની, તેની કરવામાં આવેલી સારવારની તથા અન્ય હકીકતો જાણ્યા બાદ હોમિયોપેથિક દવાઓના નિષ્ણાત ડૉ. સુજય મહેતાને ફોન કર્યો. તેમને મેં સઘળી બાબતથી વાકેફ કર્યા અને નક્કી કર્યા મુજબ બીજે દિવસે સવારે ડૉક્ટર અને દીકરી સાથે તેનાં માબાપ પણ આવ્યાં. દીકરીની દવા શરૂ થઈ. ઈશ્વરકૃપાથી એક માસમાં તેના ડાયાબિટીસને ૨૦૦થી નીચે લાવવામાં સફળતા મળી. હજી દવા ચાલુ છે પણ યોગ્ય સારવાર મળતાં ધીરે ધીરે તે ડાયાબિટીસમાંથી બહાર આવી રહી છે અને ગંભીર થતી જતી સમસ્યામાંથી તેનો છુટકારો થયો છે.

વાસ્તવમાં મેં તો કશું કર્યું જ નહોતું, છતાં પરિવારને એવું લાગ્યું કે મારા કારણે તેઓ બહુ મોટી આફતમાંથી બહાર આવ્યાં. દીકરીની તો જિંદગી કે જે હતાશાની ગર્તામાં ધકેલાતી જતી હતી, તેને આશાનું નવું કિરણ પ્રાપ્ત થયું. અખબારે તેનો સહજ ધર્મ નિભાવ્યો. ડૉક્ટરે પણ માનવતા દાખવી સેવા આપી અને મેં તો માત્ર મારી સૂઝ પ્રમાણે શુભ નિષ્ઠા દાખવી કોઈક રાહ ચીંધવાનો પ્રયત્ન માત્ર કર્યો. હું કહેવા એ માંગું છું કે વધારે કશું કર્યા વગર પણ યોગ્ય દિશાસૂચન ઘણી વાર કોઈને ખૂબ મોટી રાહત આપી જાય છે, તો શા માટે આપણે લોકકલ્યાણની કોઈ તક ગુમાવવી જોઈએ ? ઈન્સાનિયતથી મોટો કોઈ ધર્મ નથી.'